ગાંધીનગર સમાચાર

સુરક્ષા શાખાના પીએસઆઈનું
મકાન જ તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ

# સ્કુલવાન ચાલકો દ્વારા ભાવ વધારો

## શહેરમાં વિવિધ શાળાઓની અંદાજે ૫૦૦થી વધુ વાન કાર્યરત છે, વાલીઓને ભાવ વધારો મોંઘવારીમાં દઝાડશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં આવેલી વિવિધ શાળાઓમાં કાર્યરત સ્કુલવાન ચાલકો દ્વારા ભાવ વધારો નક્કી કરવામાં આવ્યો છે. કારમી મોંઘવારીને ધ્યાને લઈ વાન ચાલકો દ્વારા રૂ. ૧૦૦ નો ભાવ વધારો કરાશે. જે તે શાળાએથી પાંચ કિલોમીટરના દાયરામાં સામાન્ય વધારો તેમજ ત્યારબાદ દુરના સેકટર તેમજ ન્યું ગાંધીનગરમાંથી આવતા વિદ્યાર્થીઓને સ્કુલવાનમાં રૂ.૧૦૦ નો નવો ભાવ વધારો ચુકવવો પડશે. સ્કુલવાનનો ભાવ વધારો વાલીઓને પણ દઝાડશે અને વધારાને લઈ વાલીઓમાં કયાંક અસંતોષ પણ જોવા મળશે.

ગાંધીનગર શહેર વિદ્યાધામ તરીકે ઉભરી રહ્યું છે. શહેરમાં અનેક યુનિવર્સિટી, કોલેજો તેમજ અસંખ્ય શાળાઓ આવેલી છે. શહેરમાં અંદાજે દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં જુ.કે.જી. થી ધો.-૧૨ સુધીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. ત્યારે આવી પરિસ્થિતિમાં ઘરેથી બાળકોને સલામત લાવવા લઈ જવાની જવાબદારી સ્કુલવાન ચાલકો નિભાવે છે.શહેરમાં આવેલ



શાળાઓમાં અંદાજે ૫૦૦ થી સ્કુલવાન કાર્યરત છે. સ્કુલવાનના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સ્કુલવાન ચાલકોએ ગત્ વર્ષ કરતા આ વર્ષે ફીમાં રૂ.૧૦૦ નો ભાવ વધારો કર્યો છે. શાળાના પાંચ કિલોમીટર એરીયામાં સામાન્ય વધારો જયારે દુરના સેકટર તેમજ ન્યું ગાંધીનગરમાંથી આવતા વિદ્યાર્થીઓને ભાવ વધારો લાગુ પડશે. જયારે તંત્રના આદેશને પગલે વાનમાં ગણતરીના બાળકો બેસાડવામાં આવશે. જે વાલીઓએ શાળામાં બાળકનું એડમીશન મેળવ્યા બાદ વાન ચાલક સાથે ફી નક્કી કરી હોય તે વધારો કરી શકશે નહી. ત્યારે મોંઘવારીએ માઝા મુકી છે દુધ, શાકભાજી, પેટ્રોલ-ડિઝલ સહિત કરીયાણાની ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબતા વાન ચાલકોને પણ પરિવારનું જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બની ગયું છે. જેને પગલે વાન ચાલકોને ના છુટકે રૂ.૧૦૦નો ભાવ વધારો કરવાની ફરજ પડી છે. ત્યારે વાલીઓને વાનચાલકોનો ભાવ વધારો દઝાડશે અને વધારાને લઈ વાલીઓમાં ક્યાંક અસંતોષ પણ જોવા મળશે.

## @ગાંધીનગર

● ગુજરાત રાજય બોર્ડ-નિગમ-સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન સરકીટ હાઉસ-ગાંધીનગર ખાતે સોવિનીયર વિમોચન કરાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા બપોરે ૨.૦૦ કલાકે શનિદેવ મંદિર સે-૪-બી ખાતે આનંદનો ગરબો યોજાશે.

## જુસિકાએ ચક્ષુદાન મેળવ્યુ

ગાંધીનગર, તા.૫

સેકટર-૨૨ સ્થિત ઈશ્વરકૃપા સોસાયટીના પ્લોટ નં. ૪૨૯/૨ ખાતે રહેતા સ્વ. પરાગભાઈ ત્રિવેદીનું (ઉ.વ. ૪૮) દુ:ખદ અવસાન થયું છે. તેના કુટુંબીજન પૂર્ણિમાબેન ત્રિવેદીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા લેવામાં આવ્યું હતું. આ સદર કાર્યમાં ડૉ. મીત અને ડૉ. નીરવે તબીબી સેવા આપી હતી તેમજ જુસીકાના કાર્યકર અશોકભાઈ સોમાણી, હિતેશભાઈ, દિનેશભાઈ દવે સહિતે સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવામાં સેવા આપી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને ચક્ષુબેંક ખાતે પહોંચાડવામાં જુસીકાના કાર્યકર દિલીપભાઈ દંતાણીએ ભગીરથ કાર્ય કર્યું હતું.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ પોલીસ મથકમાં કરવામાં આવ્યો હતો. સર્કલ પી.આઈ. વાય.આર. મિશ્રા, પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા, નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફીસર, સરપંચ સહિત ગામના આગેવાનો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.

## ગાંધીનગર સિવિલમાં તબિબ દ્વારા દર્દીની ભરાતી પ્રોગ્રેસ સીટનો અભાવ

### અત્યંત જરૂરી પ્રોગ્રેસ સીટની ૫૦૦થી વધુ ઝેરોક્ષ રોજ કાઢવી પડે છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની માઠી દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે. કોઈને કોઈ સમસ્યા રોજ ઉભી થતી રહે છે. તબિબ દ્વારા ભરવામાં આવતી દર્દી માટેની પ્રોગ્રેસ સીટ છેલ્લા એક મહિનાથી ખુટી ગઈ છે. જેને લઈ તબિબોને ઝેરોક્ષ કરેલી પ્રોગ્રેસસીટમાં દર્દીની માહિતી ભરવી પડે છે. અવાર-નવાર જરૂર પડતી આ સીટનું મેનેજમેન્ટ કરી યોગ્ય પ્રમાણમાં જથ્થો મંગાવવામાં આવે તેવી તબિબ આલમમાં માંગ ઉભી થઈ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. આઠમાળની ઈમારતમાં ઈન્ડોર દર્દીને સારવાર માટે રાખવામાં આવે છે. આ દર્દીની પ્રોગ્રેસસીટ તબિબ દ્વારા ભરવામાં આવે છે જેમાં દર્દીની દવાથી લઈ બીપી ડાયાબિટીસ સહિતનું દિવસભર ચેક કર્યું હોય તેની વિગત હોય છે. દર્દી માટેની પ્રોગ્રેસ સીટ રોજની અસંખ્ય વપરાય છે જેને લઈ છેલ્લા એક માસથી પ્રોગ્રેસ સીટ પુરી થઈ ગઈ છે. છપાવા માટેની તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે પરંતુ યોગ્ય નિરાકરણ આવ્યું નથી જેને લઈ અત્યારે હાલતો તબિબોને જરુરી આ સીટની ઝેરોક્ષ તંત્ર દ્વારા નીકાળીને આપવામાં આવે છે. જેનો તબિબો દ્વારા ઉપયોગ કરીને દર્દીની સારવારની વિગત અને પ્રોગ્રેસ લખવામાં આવે છે. જયારે યોગ્ય પ્રમાણમાં આ સીટનો જથ્થો તંત્ર દ્વારા મંગાવવામાં આવે તેવી તબિબ આલમમાં માંગ ઉભી થઈ છે. જયારે આ બાબતને લઈ અંદરખાને છુપો અસંતોષ જોવા મળી રહ્યો છે.

## વાતવાતમાં

● આપણું ફાઉન્ડેશનના યુવાનોએ રવિવારે વહેલી સવારથી શહેરમાં આશરે સાતેક સ્થળે ઝુંપડપટ્ટીના બાળકો માટે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજયા હતા. આ કેમ્પમાં બાળકોની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન તથા દવાઓ પુરી પડાઈ હતી જે માટે સિવિલ હોસ્પિટલ, મેડીકલ કોલેજ તથા કર્ણાવતી ડેન્ટલ કોલેજની ટીમોએ સેવાઓ આપી હતી.

● સે-૨૧માં શાકમાર્કેટની બાજુમાં ડિસ્ટ્રીકટ શોપીંગમાં જવાના માર્ગમાં એક રીક્ષા વચ્ચોવચ પાર્ક કરી હોવાથી ટ્રાફિક જામ થઈ જતા ભારે હોહા મચી જવા પામી હતી. આમ પણ આ માર્ગ પર લારીઓથી માંડી દુકાનદારોના દબાણોના કારણે રસ્તો ખૂબ સાંકડો રહી જવા પામ્યો છે.

● શહેરના વાણિજિયક વિસ્તારો જેવા કે સે-૧૧, સે-૧૬ કે સે-૨૧ વગેરેમાં ભિખારીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જોવા મળી રહી છે. આ વિસ્તારમાં નગરજન દુકાન કે ઓફિસની બહાર નીકળે એટલે ચાર પાંચ ભિખારીઓ તુરંત ઘેરી વળે છે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

## દારૂની બોટલ સાથે ગ-૩ સર્કલ પાસેથી રિક્ષામાં જતો યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૬, જ-ટાઈપ, બ્લોક નં. ૬૧/૨ ખાતે રહેતા યુવાન નિકુંજ વિનોદ વાણીયા નામનો શખ્સ ગઈ રાત્રે દારૂની એક બોટલ સાથે રિક્ષામાં જતા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. રાત્રે ગ-૩ સર્કલ પાસેથી રિક્ષા લઈને તે જઈ રહ્યો હતો ત્યારે પોલીસે રિક્ષા ઉભી રખાવી ચેકીંગ કરતા તેની પાસેથી વિદેશી દારૂની એક બોટલ પણ મળી આવી હતી. પોલીસે રૂ. ૫૦૦ની બોટલ તથા રિક્ષા મળી કુલ રૂ.૮૦,૫૦૦નો મુદામાલ જપ્ત કરી નિકુંજ વાણીયાની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

# મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

## આમલી, ગરમાળો અને કેસૂડા સહિત ૧૮૦ રોપાઓની વાવણી

ગાંધીનગર, તા.૫

આજ રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન સરિતા ઉદ્યાન ખાતે કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૧૮૦થી વધુ વૃક્ષોની વાવણી કરાઈ હતી. જેમાં બોરસલ્લી, આમલી, ગરમાળો તથા કેસૂડાનાં વૃક્ષોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમની સફળતાથી પ્રેરાઈ ગાંધીનગર મહાગનરપાલિકા દ્વારા આગામી ચોમાસાની ૠતુ દરમિયાન ૧ લાખ રોપાનુંવાવેતર કરવાનો લક્ષ્યાંક નિયત કરાયો છે. મનપાના મેયર પ્રવિણભાઈ પટેલે નાગરિકોને તેઓના રહેઠાણની આસપાસ તેમજ સ્વૈચ્છિક સંગઠનોને પોતાની કચેરીની આસપાસ બહોળા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવા અપીલ કરી છે.





આ કાર્યક્રમ બાદ સાબરમતી નદીકિનારાના સંત સરોવર વિસ્તારમાંથી પ્લાસ્ટિકનો કચરો પણ દૂર કરવામાં આવ્યો હતો. પ્લાસ્ટિક મુકત ગાંધીનગરનો સંકલ્પ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે નગરજનોને પણ પ્લાસ્ટિકનો વપરાશ નહીં કરી પર્યાવરણની જાળવણી કરવા પણ અપીલ કરવામાં આવી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં મનપાના મેયર પ્રવીણભાઈ પટેલ, સ્ટેન્ડીંગ ચેરમેન મનુભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, ગાંધીનગર (ઉત્તર) ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોર્પોરેટશ્રીઓમાં નાઝાભાઈ ઘાંઘર, કાર્તિકભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ, ધીરુભાઈ ડોડિયા, પ્રીતિબેન દવે, હર્ષાબા જીલુભા ધાંધર, પ્રવિણાબેન દરજી, પ્રવિણાબેન વોરા, નરેશભાઈ પરમાર, અંકિતભાઈ બારોટ, રીટાબેન પટેલ, બરખાબેન જહા, પાર્વતીબેન પરમાર, ઉર્મિલાબેન પરમાર, પાયલબેન મેણાત, ગાંધીનગર વસાહત મહામંડળ પ્રમુખ અરૂણભાઈ બુચ તેમજ બ્રહ્માકુમારીમાંથી કૈલાસદીદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાઉન્સિલરશ્રીઓ, નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, સિનિયર સિટીઝનોએ બહોળી સંખ્યામાં હાજર રહી વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ પુરો પાડયો હતો.

# બાળકો પર સૂચનાઓનો અતિરેક દિશા ભટકાવશે

## ગ્લોબલાઈઝેશનના યુગમાં જીવવા જઈ રહેલા બાળકને શકય હોય તેટલો વધુ અવકાશ આપી તેની પાંખો મજબૂત બનવા દેવાની તક આપો




ગાંધીનગર, તા.૫

તાજેતરમાં વ્હોટસ અપ પર એક મેસેજ વાંચ્યો હતો. આ મેસેજની બે લીટીમાં વ્યકત કરાયેલ ચિંતા ઘણી અકળાવનારી લાગી હતી. મેસેજમાં લખ્યું હતું, 'ખબર નહીં કેમ જયારે જયારે પણ હું પોતાના બાળકોને લઈ જુદા જુદા કલાસીસ કે ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટસ તરફ દોડતા વાલીઓને જોઉ છું ત્યારે ત્યારે મને 'કાર્બાઈડ'થી કેરી પકવતા વેપારીઓ યાદ આવી જાય છે.' આ મેસેજમાં હરિફાઈના યુગમાં માત્ર દેખાદેખીથી જ જરા પણ વિચાર કર્યા વગર બાળકના ભવિષ્યને ઘડવાની લ્હાયમાં વર્તમાનનું કાસળ કાઢી નાંખતા વાલીઓ માટે હૃદયસ્પર્શી કટાક્ષ કરાયો છે. થોડા સમય પહેલા ખૂબ હીટ નીવડેલ 'થ્રી ઈડિયટસ' ફિલ્મના એક ગીતમાં આ બાબત ઉજાગર કરાઈ હતી. 'નાઈન્ટીનાઈન પર્સન્ટ લાઓગે તો ઘડી વર્ના છડી' જેવી પંકિતઓ વડે આવા વાલીઓની માનસિકતા ઉજાગર કરવા પ્રયત્ન કરાયો હતો.

કેટલાક વર્ષો પહેલા 'બાલમૂર્તિ' સામાયિકમાં સાહિત્યકાર કિરણ શીંગ્લોતનો એક હૃદયસ્પર્શી લેખ વાંચવા મળ્યો હતો જેમાં તેણે આ પ્રકારના મા-બાપ માટે અનોખો શબ્દપ્રયોગ કર્યો હતો 'હેલિકોપ્ટર પેરેન્ટ'. જે વાલીઓ બાળકની નાની મોટી તમામ બાબતો અંગે ચિંતા કરવાનો અને તેનો નિર્ણય કરવાનો પોતાનો અબાધિત અધિકાર સમજી સતત બાળકોના માથે મંડરાયા કરે છે તેમના માટે આ શબ્દપ્રયોગ ખૂબ યથાર્થ છે. બાળકની ચિંતા કરવી એ કોઈ પણ માતા પિતા માટે સ્વાભાવિક છે તેની ના નહી પરંતુ બાળકોના જીવનમાં પણ ઘણી નાની મોટી બાબતો એવી હોય છે કે જેને ઉકેલવાનો કે તે અંગે શું કરવું તેનો નિર્ણય લેવાનો તેમનો અધિકાર છે અને તે જ તેમની શીખવાની પ્રક્રિયા લર્નિંગ પ્રોસેસ પણ છે. બાળક ઘરમાં હોય કે બહાર, બાગમાં કે સ્કૂલમાં, રમતમાં કે તેના મિત્રો સાથે, ખાતુ હોય કે પીતું હોય, જાગતું હોય કે સુતું હોય આ પ્રકારના મા-બાપો સતત તેમના માથે સૂચનાના 'રિમોટ કંટ્રોલ' લઈ



મંડરાયા કરતા હોય છે. હકીકતમાં આ પ્રકારના મા-બાપ એક એવા ફોબિયાથી પીડાતા હોય છે જેમાં તેમને તેમનું બાળક જો કોઈ એકાદ ભૂલ પણ કરશે તો જીવનમાં પાછળ પડી જશે અથવા તેની સુરક્ષા જોખમાશે તેવો તેમને ડર હોય છે.

સોશયલ મિડિયા પર સતત માતા પિતાની મહાનતા, કૃતજ્ઞતા અને ઉપકારના ગુણગાન ગાઈને પોતે કરી રહેલા 'ઈમોશનલ અત્યાચાર'ને યથાર્થ ઠેરાવવા અજાણે પ્રયત્ન કરતા રહેતા આ વાલીઓ બાળકોને જાતે શીખવા દેવાનો અગત્યનો બોધપાઠ આપવાથી વંચિત રાખે છે. બાળક નાનું હોય એટલે તેને પડી જવાથી ઈજા ના થાય તેની ચિંતા, થોડું મોટું થાય એટલે મિત્રો સાથે ઝઘડી કઈ વગાડી ના બેસે તેની ચિંતા, બાળકના વર્તનની ટીકા થઈ ના જાય તેની ચિંતા, બાળકના પહેરવેશથી માંડીને હોમવર્ક સુધીની ચિંતા, બાળકના સમયસર સુવાની તથા જાગવાની ચિંતા... આમ સતત તેમની ચિંતા તેમને એટલી કોરી ખાય છે કે બાળકને સ્હેજ પણ રેઢું મૂકતા નથી. અરે, ઘણા મા-બાપ તો બાળકે જાતે કરવાના કાર્યો જેવા કે બ્રશ કરવું, કપડાં પહેરવા, દફતર તૈયાર કરવું, પેન્સિલ છોલવી, વોટરબેગ ભરવી, હોમવર્ક કરવું, મોજાં સીધા કરવા સુધ્ધાં જાતે જ કરી આપે છે. છેવટે બાળકનો સ્વતંત્ર કાર્ય કરી શકવાનો આત્મવિશ્વાસ જાણે અજાણે નબળો પડતો જાય છે.

માત્ર આટલું જ નહી પરંતુ આ રીતે સતત બાળકના માથે મંડરાતા હેલિકોપ્ટર મા-બાપની દખલગીરી બાળક યુવાન થાય ત્યારે પણ ચાલુ રહે છે ને તેમનું બાળક શું કરે છે તેની તમામ ગતિવિધિની રજે રજ જાણવામાં એટલો રસ લે છે કે છેવટે બાળકને તેના માબાપ કયાંતો 'ઈરીટેટીંગ' લાગવા લાગે છે અથવા તો પછી એ બાળક મા-બાપની છત્ર છાયા વગર કોઈ પણ નિર્ણય લેવા કે પોતાનો માર્ગ કાઢવા સક્ષમ ના રહે તે હદે માનસિક રીતે પાંગળુ બની જાય છે. આ પ્રકારના મા બાપ આશ્રિત બાળકો જયારે પોતાની કારકિર્દીમાં પ્રવૃત્ત બને છે ત્યારે સતત ભયના ઓથાર હેઠળ જીવે છે જેના કારણે ઘણી વાર નિષ્ક્રીય બની જાય છે અથવા ચિડીયા પણા કે તોછડાઈભર્યા વર્તન કરતા થઈ જાય છે. આ પ્રકારના બાળકો પોતે પણ સારા જીવનસાથી બની શકતા નથી કે વાલી તરીકે ભૂમિકા પણ યોગ્ય રીતે ભજવી શકતા નથી. ૨૧મી સદીના માતા પિતાઓએ હવે આ પ્રકારની માનસિકતા છોડવી જ રહી બાળક જયારે ગ્લોબલાઈઝેશનના યુગમાં જીવવા જઈ રહ્યું છે ત્યારે તેને શકય હોય તેટલો અવકાશ વધુ આપી તેની પાંખોને વધુ મજબૂત બનવાની તક પુરી પાડવી જ યોગ્ય લેખાશે. બાળકના માથે મંડરાવાના બદલે જો તેને તેની નૈસર્ગિક રીતે જીવવા દેવાની છૂટ અપાશે તો શકય છે કે બાળક જાતે જ વાલીને પોતાના મિત્ર બનાવશે કારણ કે આપણને પણ એવા જ મિત્રો પસંદ હોય છે જે આપણી પસંદ-નાપસંદનો નિર્ણય આપણને જાતે કરવા દે, નહી કે તેમાં ચંચુપાત કરી સતત ખામીઓ કાઢયા કરે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## સુરક્ષા શાખાના પીએસઆઈનું મકાન જ તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ

### સે-૨૧માં સ્થિત બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો ૧ લાખની મત્તા સાફ કરી ગયા : પીએસઆઈ વીવીઆઈપીની સુરક્ષામાં તૈનાત હતા

ગાંધીનગર, તા.૫

સુરક્ષા-સલામતી શાખામાં ફરજ બજાવતા ચેતક કમાન્ડો પીએસઆઈ શનિવારે વીવીઆઈપીની સુરક્ષા માટે હેલીપેડ, સચિવાલય ખાતે તૈનાત હતા તે દરમિયાન તેમના બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. બંધ મકાનનું ધોળે દિવસે તાળુ તોડી તસ્કરો મકાનમાંથી રૂ. ૧ લાખની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી પલાયન થઈ ગયા હતા. સે-૨૧ પોલીસે પીએસઆઈની ફરિયાદ લઈ ઘરફોડ ચોરી અંગે વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૨૧ બ્લોક નં. ૧૧૭/૩, ચ-ટાઈપ ખાતે સરકારી મકાનમાં રહેતા હિતેશભાઈ માલજીભાઈ દેસાઈ સલામતી શાખામાં ચેતક કમાન્ડો પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. શનિવારની બપોરે પીએસઆઈ સચિવાલય સ્થિત હેલીપેડ ખાતે વીવીઆઈપીની સુરક્ષા માટે તૈનાત હતા. ડયુટી પુર્ણ થયા બાદ પીએસઆઈ હિતેશભાઈ ઘરે પહોચ્યા તો તેમના મકાનના મુખ્ય તરવાજાનું તાળુ તુટેલું દેખાયું હતું. મકાનમાં ગયા ને જોયું તો સામાન વેર વિખેર પડયો હતો. તસ્કર ટોળકી તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવી ધોળે દિવસે ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. તસ્કરો મકાનમાંથી રોકડ રૂ. ૩૦ હજાર તથા રૂ. ૭૦ હજારની કિંમતના સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧ લાખની મત્તાની ઉઠાંતરી કરી ગયા હતા. આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં જાણ કરતા પીએસઆઈ હિતેશભાઈની ફરિયાદ લઈ દિવસની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી સે-૨૧ પીએસઆઈ બી.કે. અસારીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દરજી રમણલાલ છનાભાઈ, ઉ.વ.૮૩
- સ્વ. ચિખલીગર કિરપાલસિંઘ ગુરુનામસિંઘ, ઉ.વ.૪૦
- સ્વ. ઠાકોર કેશાજી પ્રહ્લાદજી, ઉ.વ.૪૮
- સ્વ. ત્રિવેદી પરાગ ઉપેન્દ્રભાઈ, ઉ.વ.૪૮